RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૮૩ તા.૨૫–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– ડે.કમિ.(ફા) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વ્હીકલ ટેક્ષ વસુલાત વિ.)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કતારીયા, કિરણ અને નાણાવટી મોટર્સ ધ્વારા ભરવામાં આવેલ છેલ્લા માસની (ટેક્ષ) કોઈપણ પાંચ કોપી આપવી ? (૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કઈ કિંમત પર લેવામાં આવે છે એમા શું ઉમેરવામાં આવે છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૫–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૮૩/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કતારીયા, કિરણ અને નાણાવટી મોટર્સ ધ્વારા ભરવામાં આવેલ છેલ્લા માસની (ટેક્ષ) કોઈપણ પાંચ કોપી આપવી ? (૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કઈ કિંમત પર લેવામાં આવે છે એમા શું ઉમેરવામાં આવે છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૮)ની માહિતી આપવા બાબતે ડે.કમિ.(ફા) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. વ્હીકલ ટેક્ષ/આ. ૧૬૪ તા. ૦૩–૦૧–૧૨થી મળેલ જવાબ અધુરો હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૫–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ફી ભરવા જણાવતો પત્ર નમૂના–ખ નિયમ–૩ મુજબનો ન હોઈ, કઈ બાબતની કેટલી નકલ છે તે સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫૯ તા.૪–૨–૧૨ થી** ડે.કમિ.(ફા) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વ્હીકલ ટેક્ષ વસુલાત વિ.) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના ફી ભરી માહિતી મેળવવાના પ્રસ્તાવ અંગે તેમ કરી માહિતી મેળવેલ છે કે કેમ ? ત્યાર બાદ શું નારાજગી છે તે મુદ્દાવાર–નારાજગીના આધાર સહ રજુઆત કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વ્હીકલ ટેક્ષ./આ.નં.૨૦૪ તા.૨૦–૩–૧૨ થી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વ્હીકલ/ટેક્ષ./આ.ન.૧૬૪ તા.૩–૧–૧૨ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૫–૧૨–૧૧ ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા આરટીઓ ખાતે ઉઘરાવવામાં આવતા વ્હીકલ ટેક્ષ અંગેની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુમપાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૬૫૬ તા.૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમા સ્પે. ઓફિસર વ્હીકલ ટેક્ષ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વ્હીકલ/ટેક્ષ./આ.ન.૧૬૪ તા.૩–૧–૧૨ થી નિયત સમય અવધિના છેલ્લા દિવસે અરજદારને માહિતીના પાના ૪૩૦૩ થાય છે તે અંગેના પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૮૬૦૬/– (અંકે રૂપિયા આઠ હજાર છસો છ પુરા) કચેરીએ જમા કરાવી માહિતી મેળવવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૨૦૪ તા.૨૦–૩–૧૨ થી પૂરક વિગતો પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. (૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કતારીયા, કિરણ અને નાણાવટી મોટર્સ ધ્વારા ભરવામાં આવેલ છેલ્લા માસની (ટેક્ષ) કોઈપણ પાંચ કોપી આપવી ? તેવા પ્રશ્ન બાબતે પૂરક વિગતોમાં ત્રણેય શો રૂમના માલિકોની પાંચ પાંચ કોપી માંગેલ હોઈ તે ભરવા માટે ૧૫ કોપીના નાણા ભરી માહિતી મેળવવા જણાવેલ છે. (૨) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કઈ કિંમત પર લેવામાં આવે છે એમા

શું ઉમેરવામાં આવે છે ? (૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ આરટીઓ પરથી વસુલવામાં આવેલ કોઈ પણ બે મોડલ ની પાંચ પાંચ કોપી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કિરણ મોટર્સ રસીદની સંખ્યા ૧૨ ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. (૪) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ કયારથી લાગુ પાડવામાં આવ્યો? તે લાગુ થયા પહેલાના છેલ્લા પાંચ દિવસમાં કેટલી ગાડી પર ટેક્ષ વસુલવામાં આવ્યો? એ દરેકની કોપી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૪૨૫૪ રસીદના નાણા ભરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે. (૫) આરટીઓ પરથી વસુલવામાં આવેલ કોઈ પણ બે મોડલ (જે ઉપર આપવામાં આવ્યા) સુરતની બહાર થી આવેલ ગાડીની ટેક્ષ કોપી અને કયા આધારે ટેક્ષ લેવામાં આવ્યો તે બીલની પાંચ પાંચ કોપી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત બહારની ગાડી (કોઈ પણ બે મોડલ)ની રસીદની સંખ્યા ૨૦ ભરી માહિતી મેળવવા જણાવેલ છે. (૬) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ ૧૦–૧૧ દરમ્યાન કેટલા ટુવ્હીલર અને ચાર ચક્રિય વાહન પર વસુલવામા આવ્યો? અને આ નાણાકીય વર્ષ દરમ્યાન કેટલા ટુ વ્હીલર અને ચાર ચક્રિય વાહન પર વસુલવામાં આવ્યા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીના કુલ નંગ–૧ ધ્વારા માહિતીની વિગત જણાવવામાં આવેલછે. (૭) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષ ૧૦–૧૧ દરમ્યાન કેટલા રૂા. ટોટલ ટેક્ષની ઉપજ કરી હતી? અને આ નાણાકીય વર્ષ દરમ્યાન કેટલા રૂા.ટોટલ ટેક્ષની ઉપજ કરવામાં આવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સને ૨૦૧૦ ના ટેક્ષની ઉપજની વિગતના મુલ નંગ–૧ માહિતી મેળવવા જણાવેલ છે. (૮) સુરત મહાનગરપાલિકા ધ્વારા વાહન પર લેવાતો ટેક્ષના ઉપજ ના નાણા કયા કયા વાપરવામાં આવે છે. જે અંગે અરજદારે ૩૦ દિવસની અંદર કોઈ નિર્ણય મળ્યો નથી તથા જવાબ અધૂરો આપવામાં આવ્યો છે તેથી જવાબ ફ્રીમાં આપવાનો થાય તેવું જણાવી અપીલ અરજી કરેલ છે.

વધુમાં અરજદારને અત્રેથી જાહેર માહિતી અધિકારીના ફી ભરી માહિતી મેળવવાના પ્રસ્તાવ અંગે તેમ કરી માહિતી મેળવેલ છે કે કેમ ? ત્યાર બાદ શું નારાજગી છે તે મુદ્દાવાર–નારાજગીના આધાર સહ રજુઆત કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ પ્રકાશ પાડેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારીએ મુદા નં.૧,૩,૪,૫,૬ અને ૭ ની માહિતી અરજદારને નકલમા માંગણી કરેલ છે તે નિયત સમય અવધિમાં નાણા ભરી માહિતી મેળવવા પ્રસ્તાવ કરેલ છે. આથી અરજદાર ઈચ્છુક હોય તો તે માહિતી જાહેર માહિતીના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી મેળવી શકે છે. મુદ્દા નં.૨ અને ૮ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી જે પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૨૫–૧–૧૨ ધ્યાને લેતાં ૨૩–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૧–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૭ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા. ૦૫–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૮ ની નહીં પૂરી પડાયેલ અધૂરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિ.(ફા.) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. જયારે બાકીના મુદ્દાઓ અંગે માહિતી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ડે.કમિ.(ફા) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (વ્હીકલ ટેક્ષ વસુલાત વિ.) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા